# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું ભારત 2036 ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા માટે એક મજબૂત દાવેદાર

2. કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે, જી રામજી કાયદા અંગે કોંગ્રેસ લોકોને ગેરમાર્ગે દોરી રહી છે

3. કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજથી તામિલનાડુના બે દિવસના પ્રવાસે..પાર્ટીના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે

4. અમેરિકાના હુમલા બાદ વેનેઝુએલાને એક મહિના સુધી નિઃશુલ્ક બ્રોડબેન્ડ સુવિધાઓ પૂરી પાડવાની એલન મસ્કની જાહેરાત

5. ક્રિકેટમાં, ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચમી અને અંતિમ એશિઝ ટેસ્ટના પહેલા દિવસે ઇંગ્લેન્ડના 45 ઓવરમાં 3 વિકેટે 211 રન

......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-VARANASI (EARLY)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારત 2036 ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા માટે એક મજબૂત દાવેદાર છે.

આજે ઉત્તર પ્રદેશના વારાણસીમાં રાષ્ટ્રીય વોલીબોલ ટુર્નામેન્ટનું વર્ચ્યુયલ ઉદ્ઘાટન કરતા તેમણે નોંધ્યુંકે 2014 થી, રમતગમતમાં ભારતનું પ્રદર્શન સતત સુધર્યું છે.

## (બાઈટ –પ્રધાનમંત્રી વૉલીબોલ)

શ્રી મોદીએ કહ્યું કે ભારતને યુવા ખેલાડીઓ પરગર્વ છે જે દેશને ગૌરવ અપાવી રહ્યા છે. તેમણે ઉમેર્યું રમત ગમત ક્ષેત્રમાં સરકારે મહત્વના પગલાં લીધા છે..

## (બાઈટ –SPORTS REFORM)

તેમણે ઉમેર્યું કે જે લોકો પોતાની જવાબદારીઓને ગંભીરતાથી લે છે તેઓ જ સફળ થઈ શકે છે,અને દેશ આ ભાવના સાથે આગળ વધી રહ્યો છે. દેશનો દરેક નાગરિક ભારત પ્રથમની ભાવના સાથે આગળ વધી રહ્યો છે..

## (બાઈટ –INDIA FIRST)

. . . . . .

# SHIVRAJ - GRAMG PC EARLY

ગ્રામીણવિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે મનરેગા ભ્રષ્ટાચારનો પર્યાય બનીગયું છે,જ્યાં શ્રમિકો ઘણીવારહાંસિયામાં ધકેલાઈ જાય છે અને શોષણ થાય છે. આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યુંકે કોંગ્રેસ વિકસિત ભારત રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન-ગ્રામીણ-જી રામજી કાયદાઅંગે જનતાને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ લગાવ્યો હતો. શ્રી ચૌહાણેજણાવ્યું હતું કે વિશાળ બજેટ હોવા છતાં, મનરેગા ગામડાઓમાં કોઈ કાયમી સંપત્તિનું નિર્માણ અથવા લાંબાગાળાના વિકાસ તરફ દોરી શક્યું નથી.

## (બાઈટ – શિવરાજ સિંહ ચૌહાણ)

તેમણે જણાવ્યું હતું કે વિકસિત ભારત-જી રામજીકાયદો શ્રમિકોના હિતમાં છે કારણ કે તે અગાઉના 100 દિવસની તુલનાકરતા વધારે ચૂકવણી, બેરોજગારી ભથ્થા, વિલંબિત ચૂકવણી પર વ્યાજ અને 125 દિવસની રોજગારની ગેરંટી પ્રદાનકરે છે. શ્રી ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે આનાથી કામદારોની આર્થિક સ્થિતિમાંસુધારો થશે અને તેઓ ગામડાઓમાં અર્થપૂર્ણ યોગદાન આપી શકશે.

તેમણે વિકસિત ગામ દ્વારા વિકસિત ભારતના વિઝન પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે ટકાઉપરિણામોને ટેકો આપવા માટે ગ્રામીણ રોજગાર માટે ભંડોળમાં નોંધપાત્ર વધારો કરવામાંઆવ્યો છે. મંત્રીએ માહિતી આપી કે આગામી નાણાકીય વર્ષ માટે, એક લાખ 51 હજાર બસો બયાસી કરોડરૂપિયાની ફાળવણીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જેમાંથી 95 હજાર કરોડ રૂપિયાથીવધુનું યોગદાન કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . .**

# AMIT SHAH TAMIL NADU

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી તામિલનાડુના પ્રવાસે છે. આ વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, જેના કારણે રાજકીય ગતિવિધિઓમાં વધારો થયો છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ, આજે પુડુકોટ્ટઈમાં એક જાહેર સભાનું આયોજન કર્યું છે. શાહ રેલીને સંબોધિત કરશે.

તમિલનાડુ ભાજપ પ્રમુખ નયનાર નાગેન્દ્રનની આગેવાની હેઠળ "તમિલનાડુ સર ઉઠાયે તમિલનો કી યાત્રા", મદુરાઈમાં શરૂ થઈ હતી. યાત્રા આજે પુડુકોટ્ટઈમાં સમાપ્ત થશે. તિરુચિરાપલ્લી પહોંચ્યા પછી, કેન્દ્રીય મંત્રી શાહ હેલિકોપ્ટર દ્વારા પુડુકોટ્ટઈ જશે. તેઓ રાજ્ય પ્રમુખની યાત્રાના સમાપન સમારોહમાં ભાષણ આપશે. આ પછી, તેઓ રોડ માર્ગે ત્રિચી પહોંચશે. અહીં તેઓ રાજ્ય એકમના નેતાઓ સાથે ચર્ચા કરશે. ભાજપ નેતા અમિત શાહ સોમવારે સવારે શ્રીરંગમ રંગનાથસ્વામી મંદિરની મુલાકાત લેશે. આ પછી, તેઓ મન્નારપુરમમાં આયોજિત 'મોદી પોંગલ મહોત્સવ'માં ભાગ લેશે.

. . . . . .

# J&K: BUDGET SESSION

**જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ મનોજ સિંહાએ 2 ફેબ્રુઆરીએ રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર બોલાવ્યું છે. રમઝાન મહિનો 20 ફેબ્રુઆરીથી 21 માર્ચ સુધી ચાલશે તેવી અપેક્ષા છે. આને ધ્યાનમાં રાખીને, ઓમર અબ્દુલ્લા સરકારે બજેટ સત્ર થોડું પેહલા લેવાનો નિર્ણય લીધો છે. વિધાનસભા સચિવ મનોજ કુમાર પંડિતે ધારાસભ્યોને 12 જાન્યુઆરી સુધીમાં વધુમાં વધુ દસ તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો રજૂ કરવા વિનંતી કરી છે.**

. . . . .

# VENEZUELA - ACTING PRESIDENT

વેનેઝુએલાની સુપ્રીમકોર્ટે ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને દેશના કાર્યકારી રાષ્ટ્રપતિનું પદ સંભાળવાનો નિર્દેશઆપ્યો છે.  આ નિર્ણય નિકોલસ માદુરોનીધરપકડ બાદ લેવામાં આવ્યો છે , જેમને ગઈકાલે સવારે અમેરિકન દળો દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા. કોર્ટના ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે રોડ્રિગ્ઝ વહીવટી સાતત્ય અને રાષ્ટ્રના વ્યાપક સંરક્ષણને સુનિશ્ચિત કરવા માટે વેનેઝુએલા ગણરાજ્યના રાષ્ટ્રપતિનું પદ સંભાળશે. ચુકાદામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, કોર્ટ રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં રાજ્યની સાર્વભૌમત્વની સાતત્ય અને સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે લાગુ કાનૂની માળખાને નક્કી કરવા આ બાબત પર ચર્ચા કરશે.

. . .

# MUSK FREE INTERNET - VENEZUELA

વેનેઝુએલામાં ચાલી રહેલા સંકટ વચ્ચે, ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે જાહેરાત કરી છે કે, સ્પેસએક્સની માલિકીની સ્ટારલિંક 3 ફેબ્રુઆરી સુધી વેનેઝુએલાના લોકોને નિઃશુલ્ક બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સેવાઓ પૂરી પાડશે, જે યુએસ ઓપરેશન દ્વારા રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પદભ્રષ્ટ કર્યા પછી છે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે વેનેઝુએલામાં ઝડપથી ચાલી રહેલા રાજકીય વિકાસનો દોર ચાલી રહ્યો છે. X પરની એક પોસ્ટમાં, કંપનીએ જણાવ્યું હતું કે, શનિવારે કારાકાસના કેટલાક ભાગોમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી અચાનક ખોવાઈ જવાના અહેવાલો પછી તેણે વેનેઝુએલાને કનેક્ટિવિટી કાર્યરત રાખવાનું વચન આપ્યું હતું, જે તેણે કહ્યું હતું કે યુએસ લશ્કરી કાર્યવાહી દરમિયાન વીજળી કાપને અનુરૂપ હતું. સ્થાનિક મીડિયાએ એમ પણ કહ્યું કે રાજધાનીના કેટલાક ભાગોમાં ઇન્ટરનેટ કનેક્શન નહોતા.

.

# REV. MEA ADVISORY VENEZUELA

તાજેતરના ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને , વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને વેનેઝુએલાની બિન-આવશ્યક મુસાફરી ટાળવા માટે એક ચેતવણી જારી કરી છે.

કોઈપણ કારણોસર વેનેઝુએલામાં રહેલા તમામ ભારતીયોને અત્યંત સાવધાની રાખવા, તેમની અવરજવર મર્યાદિત કરવા અને કારાકાસમાં ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવી છે.

દૂતાવાસનો ઇમેઇલ આઈડી cons.caracas@mea.gov.in છે અને ઇમરજન્સી ફોન નંબર +58 -412 -9584 288 છે.

. . . . .

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આવતીકાલ સુધી દિલ્હી , હરિયાણા, ચંદીગઢ, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશામાં ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસની સ્થિતિ માટે ઓરેંજ એલર્ટ જારી કર્યો છે. આગામી ત્રણ દિવસ દરમિયાન પંજાબ , હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં પણ શીત લહેરની સ્થિતિ રહેવાની શક્યતા છે.

હવામાન એજન્સીએ એવી પણ આગાહી કરી છે કે, પશ્ચિમ બંગાળનાગંગા તટ વિસ્તાર, ઝારખંડ અને છત્તીસગઢના કેટલાક ભાગોમાં આવતીકાલ સુધી અને ઉત્તર-પૂર્વ ભારત, ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ અને જમ્મુમાં આગામી બે દિવસ દરમિયાન ગાઢ ધુમ્મસની સ્થિતિ યથાવત રહેશે.

. . . . .

# ASHES CRICKET

**ક્રિકેટમાં, સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલી પાંચમી અને અંતિમ એશિઝ ટેસ્ટના પહેલા દિવસે રમતના અંતે ઇંગ્લેન્ડે 45 ઓવરમાં 3 વિકેટે 211 રન બનાવ્યા હતા. વરસાદ અને ખરાબ પ્રકાશને કારણે મેચ રદ કરવામાં આવી હતી. ઇંગ્લેન્ડ તરફથી જો રૂટે 103 બોલમાં 72 રન બનાવ્યા, જેમાં આઠ ચોગ્ગાનો સમાવેશ થાય છે અને હેરી બ્રુકે 92 બોલમાં 78 રન બનાવ્યા, જેમાં છ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી તે ક્રીઝ પર અણનમ રહ્યા.**

. . . . .

# NK- JAPAN MISSILE LAUNCH

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ ઉત્તર કોરિયાના પરમાણુ કાર્યક્રમને લઇને વાટાઘાટો માટે ચીન રવાના થાય તેના થોડા કલાકો પહેલા આજે ઉત્તર કોરિયા દ્વારા સમુદ્ર તરફ અનેક બેલિસ્ટિક મિસાઇલો છોડવામાં આવી હતી. આમિસાઇલ છોડાયા  બાદ જાપાને કટોકટીની સ્થિતીની ચેતવણી જારી કરી છે . દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમને ઉત્તરકોરિયાના રાજધાની પ્રદેશમાંથી અનેક બેલિસ્ટિક મિસાઇલો છોડવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તેમણે કહ્યું હતું કે મિસાઇલો લગભગ **560** માઇલ ઉડાન ભરી હતી અને દક્ષિણ કોરિયા અને યુએસ અધિકારીઓ પ્રક્ષેપણોની વિગતોનું વિશ્લેષણ કરી રહ્યા હતા. આ પ્રક્ષેપણ તાજેતરના અઠવાડિયામાં ઉત્તર કોરિયા દ્વારા કરવામાં આવેલ નવીનતમ શસ્ત્ર પ્રદર્શન હતું.

. . . .